Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


| | | |
|---|---|---|
| ૧. | હેમંત ઋતુનું વર્ણન ( રેવાશંકર વાલજી બધેકા ) ... ... | ૧૦૫ |
| ૨. | સમ્યગ્ જ્ઞાનની કુંચી ... ... ... ... ... | ૧૦૮ |
| ૩. | લક્ષ્મીનું માહાત્મ્ય અને દાનનું સ્વરૂપ ( આત્મવલ્લભ ) ... | ૧૧૧ |
| ૪. | આત્મિક આરોગ્ય ( રાજપાળ મગનલાલ વ્હોરા )... ... | ૧૧૩ |
| ૫. | આત્મિક સૌંદર્ય ... ( ,, )... ... | ૧૧૪ |
| ૬. | જગત્કર્તૃનિરાસ પ્રકાશ ... ( સ. ક. વિ. ) ... | ૧૧૬ |
| ૭. | આચારાંગ સૂત્રના સુભાષિતો ( ,, ) ... | ૧૧૭ |
| ૮. | પ્રાસ્તાવિક સદ્બોધ ... ... ( ,, ) ... | ૧૨૦ |
| ૯. | વિજ્ઞાન યુગનો પરમાણુ ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ... | ૧૨૧ |
| ૧૦. | સ્વીકાર અને સમાલોચના ... ... ... ... | ૧૨૫ |
| ૧૧. | વર્તમાન સમાચાર ... ... ... ... ... | ૧૨૮ |



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટૂંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર ( બીજા પર્વથી દશ પર્વો ) પ્રત તથા બુકાકારે.
૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )
૪ પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ.

જલદી મંગાવો. તૈયાર છે. જલદી મંગાવો.

### શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧–૮–૦ પો. જુદું.

બીજા પર્વથી છપાય છે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ १ ॥

" કર્મરૂપ કષ્ટથી વ્યાપ્ત એવા આ જન્મમાં એવો (શુભ) પ્રયત્ન કરવો કે જેના પરિણામે કર્મરૂપ કષ્ટ (સદંતર) વિનાશ પામે,–આ (માનવજન્મનું) રહસ્ય છે."

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક–તત્ત્વાર્થ ભાષ્ય.

पुस्तक ३९] वीर सं. २४६४. मार्गशीर्ष, आत्म सं. ४२. आ० श० वर्ष २ जुं [अंक ९ मो.

## હેમંતઋતુનું વર્ણન.

દોહરો.

શરદઋતુ સોહામણી, રૂડું ભોગવી રાજ;
સ્વસ્થાને ચાલી ગઇ, આવી હેમંત આજ. ૧

હરિગીત.

વસુધા વિલોકો આજ, સઘળે સ્વચ્છતા વ્યાપી રહી,
કચરા ગયા, કાદવ ગયા, વાયુ લહરી ઠંડી વહી;
પૂર્વે ઊગે આ શુક્રનો, તારો પ્રશાન્ત પ્રભાતમાં,
પૂર્યા ઉષાએ સાથીયા, શું ! રંગભર રળિયાતમાં. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોહરા.

ઝાકળનાં જામી રહે, પત્રે બિન્દુ અનેક;
સૂર્યકીર્ણ પ્રાગટ્યથી, સૂકાણાં તે છેક. ૩

હરિગીત.

જેમ સૂર્યના સમ્પર્કથી, આ ઓસનાં બિન્દુ મટે,
જ્ઞાનોપદેશે ઉરના, સંકલ્પ-વિકલ્પો ઘટે;
દિવસો અતિ ટૂંકા થયા, જેમ મૂર્ખમૈત્રી અલ્પ છે,
રાત્રી અતિ લાંબી જ જયમ, તૃષ્ણાતણા સંકલ્પ છે. ૪

દોહરા.

જળ હેમંતઋતુ વિષે, અતિશય ઠંડું થાય;
તત્ત્વદર્શીના હૃદયમાં, શાંતિ જેમ ભરાય. ૫

હરિગીત.

મદમસ્ત સરિતાઓ હતી, તે શાંત થઇ જ સ્વભાવમાં,
પ્રૌઢાવયે કુળમાનીની, પ્રૌઢત્વ પ્રેમ પ્રભાવમાં;
અગ્નિતણી ગઇ ઉગ્રતા, ને સેવતાં સુખ ઉપજે,
જ્ઞાનીજનોના સંગથી, ઉર ઉદ્ધતાઇ બધી તજે. ૬

દોહરા.

ભરજોબન ખીલી રહી, આજ ઋતુ હેમંત;
સૂર્ય દેખતાં પદ્મનો, ઠંડી આણે અંત. ૭

હરિગીત.

અજ્ઞાનીઓના ચિત્તસમ, ઘી ઘટ્ટ થઇને જામીયું,
ફાલી-ફૂલી ફૂલવાડીકેરું, રૂપ ઝાંખપ પામીયું;
બહુ ધાન્યના ઢગવાળી, ને વૈભવ ભરેલ વસુંધરા,
સૌંદર્યવંતી શેરડી, શું સ્થંભ ! મન્મથના ખરા. ૮

દોહરા.

ટાઢ અતિ પ્રબળા થઇ, તડકો દીસે મંદ;
નબળા નરના ગૃહ વિષે, અબળા થાય સ્વચ્છંદ. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરિગીત.

જઠરાગ્નિકેરું જોર જામ્યું, અધિક થઇ આરોગ્યતા,
ઉત્તમ રસાયન ઔષધોથી, રોગમાત્ર વહી જતા;
શાલો-દુશાલા ઓઢીને, શ્રીમંત રક્ષે અંગને,
ગરિબો બિચારા ઢાંકતા, નિજ અંગ-સંગે અંગને. ૧૦

દોહરા.

ઝાકળતણા પ્રભાવથી, શશિ ઝાંખો જ જણાય;
દુર્જનકેરા સંગથી, સજ્જન પણ નિંદાય. ૧૧

હરિગીત.

સાધુ અને સંન્યાસીઓ, કરવા વિહારો સંચર્યા,
મોટા વડા વેપારીઓ, વિદેશ માર્ગે વિચર્યા;
તાંબૂલ, તલ, તળાઇ, તરુણી, તાપ, તાતાં ભોજનો,
હેમંતઋતુમાં હોંશથી, સેવે છે એ સૌ સજ્જનો. ૧૨

દોહરા.

શાંતિ આપે સૃષ્ટિને, પ્રેરે પ્રભુનો પંથ;
જગમધ્યે જાહેર છે, સંત અને હેમંત. ૧૩

**રેવાશંકર વાલજી બધેકા.**

નિવૃત્ત એજ્યુ. ઇન્સ્પે. (ભાવનગર રાજ્ય) ધર્મોપદેશક—**ભાવનગર**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *સમ્યગ્ જ્ઞાનની કુંચી.

[ ગતાંક પૃષ્ઠ ૮૧ થી શરૂ ]

## આત્માના ધર્મવિમુખતાના સંભાવ્ય કારણો અને આત્માનું અધઃપતન.

હવે આપણે આત્માના અધઃપતન સંબંધી ખાસ વિચારણા કરીએ. પરમાત્માએ આદમ અને ઇવના યુગ્મને તથા શયતાનને જે અભિશ્રાપ આપ્યો તેનું માનસશાસ્ત્રની દૃષ્ટિએ ઘણું જ મહત્ત્વ છે એમ સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ થાય છે. ઇચ્છા અને બુદ્ધિ એ બે મહાન્ શક્તિઓ છે. આત્મા અને બુદ્ધિ ચિત્તદ્વારા બાહ્ય વિશ્વની સાથે સંસર્ગમાં આવે છે. આદમ, ઇવ અને સર્પ એ અનુક્રમે ઇચ્છાશક્તિ, બુદ્ધિ અને વિષયાશ્રિત ચિત્ત છે એમ ઘટાવી શકાય. બુદ્ધિ એ ઇચ્છાની સેવિકા છે અને ગુરુ પણ છે. શરીરનો બીજાં શરીરો તેમજ સ્વકીય આધ્યાત્મિક સ્વરૂપ સાથે વિવિધ પ્રકારનો સંબંધ નિશ્ચિત કરવા અને યોજવા તેમજ એવા સંબંધનું અન્વેષણ કરવાનું કાર્ય બુદ્ધિ કરે છે અને એ રીતે બુદ્ધિ એ સેવિકા છે. ઇચ્છાશક્તિ ઉપર બુદ્ધિનો નિબંધ ચાલી શકે છે, તેમજ ઇચ્છાશક્તિની વિવિધ પ્રવૃત્તિઓને બુદ્ધિ યોગ્ય માર્ગે દોરવે છે અને એ રીતે બુદ્ધિ ગુરુરૂપ છે. બુદ્ધિ આત્મસાક્ષાત્કારમાં પણ ઇચ્છાશક્તિને અત્યંત સહાયભૂત થાય છે. ઇચ્છાશક્તિનો વિકાસ કરવામાં બુદ્ધિ અનેક રીતે ઉપયુક્ત થઇ પડે છે. અવબોધન એ બુદ્ધિનું પ્રાથમિક કાર્ય છે. ચિત્તના ભાવો ઉપરથી અવબોધનરૂપ વણાટકામ ( સંકલન કાર્ય ) બુદ્ધિ કરે છે. કાંતવા વણવાનું કાર્ય પ્રાયઃ સ્ત્રીનું છે એ સુવિદિત છે. ચિત્ત આત્મા સાથે પ્રત્યક્ષ રીતે સંયોગમાં આવતું નથી. ચિત્તનો પ્રભાવ આત્મા ઉપર બુદ્ધિદ્વારા પડે છે. આદમના રૂપકમાં બુદ્ધિની પ્રતારણા પ્રથમ શયતાનથી થાય છે. પ્રતારણા થયા બાદ બુદ્ધિ આત્માને લોભવશ કરી મુગ્ધ બનાવે છે. કેટલાક પંડિતો બુદ્ધિ અને આત્મા વચ્ચેનો સંબંધ બાળક અને નિયામક સ્ત્રી ( બાળરક્ષક સ્ત્રી ) જેવો ગણે છે. બુદ્ધિ અને આત્મા વચ્ચેનો સંબંધ પત્ની અને પત્ની જેવો છે એવી પણ કેટલાક મહાન્ તત્ત્વજ્ઞાનીઓની માન્યતા છે. બુદ્ધિ સદૈવ આત્માને

* ( શ્રીયુત ચંપતરાય જૈની બેરીસ્ટર એટ-લૉ. ના 'કી ઓફ નોલેજ'નો અનુવાદ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશ્રિત થઇને રહે છે. આત્માની સુખ-સગવડ વિગેરે જાળવવાનું કામ પણ બુદ્ધિ જ કરે છે.

આદમ ઉપર આજ્ઞાભંગના દોષનું આરોપણ થતાં આદમે પોતાની પત્નીનો વાંક કાઢ્યો. ઇવે દોષ વિગેરેનું મૂળ સર્પ હોવાનું જણાવી પોતે સર્વથા નિર્દોષ હોવાનો એકરાર કર્યો. આથી પ્રભુનો કોપ સૌથી પ્રથમ સર્પ ઉપર ઊતર્યો. પ્રભુએ સપને અભિશાપ પણ આપ્યો. પેટે ચાલવું અને સર્વદા ધૂળનું ભક્ષણ કરવું એ એક જ કાર્ય પ્રભુએ પોતાના અભિશાપથી સર્પને સોંપ્યું. સર્પને ધૂળનાં ભક્ષણ સિવાય બીજી કોઇ વસ્તુ ભક્ષણ માટે ન રહી. સર્વ વસ્તુઓ સર્પ માટે અભક્ષ્ય બની. પેટે ચાલવું એટલે ધૂળમાં જ વાસ કરવો. સર્પ એટલે ચિત્ત એવો અર્થ કરતાં, ધૂળમાં નિવાસ કરવો એટલે ભૌતિક બંધનોમાં ઝકડાવું. ધૂળમાં જ વાસ કરવો એટલે ભૌતિક વાસનાઓમાં જ નિમગ્ન રહેવું. ઇંદ્રિયોથી પ્રાપ્ત થતાં વિવિધ આંદોલનો એ ચિત્તનો આહાર છે. એ આંદોલનો વસ્તુતઃ સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભૌતિક પદાર્થ એટલે ધૂળ છે. ધૂળ આ રીતે ચિત્તના આહારરૂપ છે. સ્ત્રી અને સર્પ વચ્ચેનો ઇર્ષ્યા-ભાવ બુદ્ધિ અને ચિત્તના સંબંધનું યથાર્થ રીતે નિદર્શન કરે છે. ચિત્ત એક સ્થાનથી બીજે સ્થાને ભ્રમણ કર્યા કરે છે. ભ્રમણ કરવામાં ચિત્તને આનંદ થાય છે. ઉચ્ચ વિચારો આદિની પરિણુતિ થઇ શકે તે માટે બુદ્ધિ ચિત્તને સંયત બનાવવા મથે છે. ચિત્તને આ જરાયે રુચતું ન હોવાથી બન્ને વચ્ચે દ્વંદ્વયુદ્ધ ચાલે છે.

બુદ્ધિ ઉચ્ચ પ્રતિની હોય તો તેમાંથી પ્રજ્ઞાનો પ્રાદુર્ભાવ થાય છે. પ્રજ્ઞા આથી બુદ્ધિની પુત્રીરૂપ છે. પ્રજ્ઞા આત્મસાક્ષાત્કાર માટે પ્રયત્ન કરવા માટે ચિત્તથી મુક્ત થવા ઘણોયે પ્રયત્ન કરે છે. ચિત્ત ઇંદ્રિય-લોલુપતામાં પ્રજ્ઞાને દોરવા મથે છે. નાગરાજ કલીયનો શિરચ્છેદ શ્રીકૃષ્ણે કર્યો એવું જે રૂપક છે તેનો અર્થ એ છે કે, કૃષ્ણે ચિત્તના અનિષ્ટ પ્રધાન ભાગનો ઉચ્છેદ કર્યો. આ ઉપરથી સમજવાનું એ છે કે, નિર્વાણના વાંચ્છુઓએ ઇચ્છા-મન* ઉપર સંયમ મેળવવો એ ખાસ આવશ્યક છે.

ઇવને પ્રભુએ આપેલા અભિશાપથી સ્ત્રીનાં વાસ્તવિક સ્વરૂપનું નિદર્શન થઇ શકે છે. સંકલ્પ-કાર્ય અને શોક એ માનસિક દૃષ્ટિએ વિચારતા બુદ્ધિ-

* મન એટલે નરપશુ એવું ગ્રીક પુરાણ શાસ્ત્રોનું મંતવ્ય છે. ચિત્તના નરતત્ત્વમાં બુદ્ધિ અને વિચારણા હોય છે અને પશુતત્ત્વમાં અનિયંત્રિત વિષય-લાલસાનું પ્રાધાન્ય હોય છે એમ મજકુર પુરાણ શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યું છે. Minotaur એટલે નરપશુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ સ્ત્રીનાં બે મુખ્ય કાર્યો છે. ગર્ભધારણ અને અનુતાપ એ સંસારી દૃષ્ટિએ વિચારતાં સ્ત્રી જાતિનાં બે પ્રધાન કાર્યો છે એ સુવિદિત છે. બુદ્ધિમાંથી અનેક સંકલ્પોનો પ્રાદુર્ભાવ નિરંતર થયા કરે છે. બુદ્ધિના અનેક નિર્ણયો શોકના કારણભૂત હોય છે. સંસારી દૃષ્ટિએ વિચારતાં, સ્ત્રી એ માતા છે અર્થાત્ ગર્ભ ધારણ કરે છે અને અનેક રીતે શોકનાં મૂળ રૂપ છે એમાં કંઇ શંકા નથી. બુદ્ધિ આત્માની સહચારિણી–પત્ની હોવાથી આત્માને આધીન રહે છે. બુદ્ધિ સામાન્ય રીતે આત્માની ઇચ્છાને અનુરૂપ વર્તે છે.

આદમે ઇવને એક પ્રસંગે સર્વ પ્રાણીઓની માતા તરીકે સંબોધન કર્યું હતું.* સ્ત્રી મનુષ્યરૂપે સર્વ પ્રાણીઓની માતા ન હોઈ શકે એ સમજી શકાય એવું છે. બુદ્ધિરૂપી સ્ત્રીનાં અવબોધન કાર્ય ઉપર સર્વ પ્રકારના વિવિધ ભાવો નિર્ભર રહે છે, બુદ્ધિરૂપી સ્ત્રી વિવિધ સંકલ્પોની જનેતા છે એ દૃષ્ટિએ જ બુદ્ધિ સર્વ પ્રાણીઓની માતારૂપ છે એમ ઘટાવી શકાય. બુદ્ધિ ચેતનામાં પ્રવિષ્ટ થતા વિવિધ ભાવોનું સંકલન આબેહૂબ રીતે કરે છે.

ઇષ્ટ અને અનિષ્ટનો ભેદ સમજવામાં જ આદમે પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો તે માટે તેને શિક્ષા થઇ એ સર્વથા યથાર્થ હતું. બુદ્ધિનો આવી રીતે ઉપયોગ કરવાથી તેનામાં દ્વૈતભાવની પરિણતિ થઇ, પ્રભુ અને મનુષ્ય વચ્ચે તેને મતભેદનો ભાસ થયો. આથી તેનામાં ભય અને દુઃખનો આવિર્ભાવ થયો, આત્માનું અધઃપતન થયું એટલે જીવન–નિર્વાહ માટે સતત ઉદ્યોગની આવશ્યકતા થઇ, જીવન દુઃખી અને કંટકમય બન્યું. સંસારલોલુપ મનુષ્યોને સુખ ન જ હોય, આદમ સંસારલોલુપ બન્યાથી દુઃખી બન્યો એમાં આશ્ચર્ય જેવું કશુંયે નથી.

વિષયવાસનામાં નિમગ્ન થયેલ મનુષ્ય મરણાધીન છે, એવા મનુષ્યનું મૃત્યુ વારંવાર થયા કરે છે એ પણ પ્રભુના શાપનું એક રહસ્ય હતું. મનુષ્યનું મૃત્યુ એટલે તેના શરીરનું મૃત્યુ એમ સમજી લેવું. મનુષ્યનો આત્મા અનાદિ અનુત્પન્ન અને શાશ્વત હોવાથી તેનું મૃત્યુ ન જ સંભવી શકે. પાપોરૂપી અનેક અશુદ્ધિઓને કારણે જન્મ–મરણની ઘટમાળ ચાલ્યા કરે છે અને તેથી તેને વિવિધ શરીરરૂપે વારંવાર જન્મ લેવો પડે છે. ....(ચાલુ)

* Genesis, III. 20

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# लक्ष्मीनुं माहात्म्य अने दाननुं स्वरूप.
## ते कोना भूषणरूप छे?

**वसुधाभरणं पुरुषः, पुरुषाभरणं प्रधानतरलक्ष्मीः ।**
**लक्ष्म्याभरणं दानं, दानाभरणं सुपात्रं च ॥**

પુરુષ પૃથ્વીનું આભૂષણ છે, ઉત્તમ લક્ષ્મી તે પુરુષનું આભૂષણ છે, દાન તે લક્ષ્મીનું આભૂષણ છે અને સુપાત્ર તે દાનનું આભૂષણ છે.

જ્ઞાની પુરુષોએ પૃથ્વીના આભૂષણરૂપ પુરુષોને જ કહેલા છે; કારણ કે જગતના સઘળા ઉત્તમ ભાવો જે પ્રકટ થાય છે તે ઉત્તમ પુરુષોના જન્મથી થાય છે. દૃષ્ટાંત તરીકે ઉત્તમોત્તમ શ્રી તીર્થંકર ભગવાન જ્યાં વિચરે છે ત્યાં પૃથ્વી ઉત્તમ રીતે ભૂષિત થાય છે, રોગો, દુષ્કાળ, પરસ્પર વૈર-વિરોધ વગેરેનો તે વખતે નાશ થાય છે; તેમજ ચક્રવર્તી, વાસુદેવાદિક રાજ્ય કરતા હોય ત્યારે પૃથ્વી સુંદર બને છે, દુષ્ટ મનુષ્યોના કષ્ટ લડાઇ વગેરે રહિત પૃથ્વી થઇ પ્રજા સુખશાંતિ ભોગવે છે. તેમજ અન્ય પુણ્યશાળી કુમારપાળ, સત્ત્વશાળી વિમળમંત્રી, પેથડશાહ, વસ્તુપાળ તેજપાળ વગેરે જેવા પુરુષોના વિદ્યમાન ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળમાં પણ તીર્થોદ્ધાર, જ્ઞાનોદ્ધાર, તીર્થયાત્રા, દાનશાળાઓ વગેરે ધર્મ પ્રભાવનાના ઉત્તમ કાર્યો થયા છે, થાય છે અને થશે; તેથી જ ઉત્તમ પુરુષો પૃથ્વીના ભૂષણરૂપ કહેલ છે.

રૂપ અને કલાદિ ગુણો વગેરે આભૂષણરૂપ નથી પરંતુ પુરુષોનું આભૂષણ લક્ષ્મી છે, કારણ કે લૌકિકમાં લક્ષ્મીવાન માણસ અકુલીન છતાં કુલીન, કળા વગરનો છતાં બહોંતેર કળાવાળો, અજાણ છતાં ચૌદ વિદ્યાનો જાણ, જડ છતાં બુદ્ધિવાળો, કુરૂપવાળો છતાં સ્વરૂપવાન, બહુબોલો હોય છતાં વાચાળ, આળસુ હોય છતાં ભાગ્યશાળી, સંતોષી, લોભી, કંજુસ હોય તેમજ ઊંચ નીચ પાત્ર કુપાત્ર સ્થાનનો વિચાર કર્યા વિના કદાચ દાન આપનારો હોય છતાં ઉદાર, દાનેશ્વરી એટલે કે દુર્ગુણો હોવા છતાં તે લક્ષ્મીવાન હોવાથી લોકો ગુણપણાથી જુએ છે. મતલબ કે લક્ષ્મીવાન પુરુષ કુલીન, પંડિત, શાસ્ત્રવેત્તા, ગુણોને જાણનારો, વાચાલ વગેરે

**सर्वे गुणाः कांचनमाश्रयन्ते ।**

સર્વે ગુણો લક્ષ્મીના પ્રતાપથી લોકોને ગુણરૂપ દેખાય છે. લક્ષ્મી પણ ન્યાયથી ઉત્પન્ન કરેલી હોય તો જ તે વધારે ઉત્તમ મહાત્માઓએ કહેલી છે; કારણ કે અન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી અન્યાયથી ચાલી જાય છે અને તે પુરુષને માત્ર કમાવાનો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાનિનો કલેશમાત્ર છેવટે તેને રહે છે. લક્ષ્મીને માટે દાન, ભોગ અને છેવટ નાશ એ ત્રણ ધોરી માર્ગો હોવાથી જે દાન દેતો નથી, યોગ્ય ભોગવટો કરતો નથી તેના ધનની ત્રીજી ગતિ-નાશ થાય છે. વળી કહ્યું છે કે અન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી ફક્ત દશ વર્ષ સુધી રહે છે, પણ છેવટે સોળમે વર્ષે તો તે મૂળ સહિત નાશ પામે છે. પછી તે પુરુષોના કુળ, શિયળ, લાવણ્ય, રૂપ અને વિદ્યાદિક ગુણો પણ દુષણપણાને પામે છે.

સુંદર રૂપવાળો અને વિદ્વાન એવો મનુષ્ય પણ ધન વિનાનો હોય તો લોકો તેને ગણકારતા નથી; તે પૂજાતો નથી, સન્માન પણ પામતો નથી તેથી જ પુરુષનું આભૂષણ લક્ષ્મી કહેલી છે.

ઉત્તમ કાવ્યથી કવિ, બુદ્ધિથી મંત્રી, ન્યાયથી રાજા, શૂરવીરપણાથી સુભટ, લજ્જાથી કુલીન મનુષ્ય, સતી સ્ત્રીથી ઘરની સ્થિતિ, શિયળથી તપ, કાંતિથી સૂર્ય, શીતલતાથી ચંદ્ર, જ્ઞાનથી અધ્યાત્મી મનુષ્ય, વેગથી ઘોડો અને આંખથી જેમ મુખ શોભે છે તેમ દાનથી જ લક્ષ્મી શોભે છે તેથી લક્ષ્મીનું આભૂષણ દાન કહેલ છે.

લક્ષ્મીની વૃદ્ધિને નખની જેમ છેદવી પણ સંઘરી રાખવી નહીં, કારણ કે પ્રમાદથી સ્ખલના થતાં તે સમૂળગી નાશ પામે છે એટલે કે દાન વિના લક્ષ્મીનો નાશ પણ સંભળાય છે.

અનેક પ્રયત્નોવડે, કષ્ટો સહન કરી, પરદેશ વેઠી, અનેક પ્રયાસોવડે મેળવેલ તથા દશ પ્રાણોથી પણ વધારે વહાલા ગણાતાં ધનની દાનરૂપ જ એક ઉત્તમ ગતિ છે, બાકી તો તે વિપત્તિરૂપ છે. ભમરી કે મધમાખીએ એકઠું કરેલ મધ જેમ તેને પ્રાણાંત કષ્ટ આપનારું થાય છે તેમ મળેલ લક્ષ્મીનું દાન દેવું, ભોગવટો કરવો, પણ જો સંગ્રહી રાખે તો છેવટે નાશ થઇ જાય છે. દાનરૂપી આભૂષણ વિનાની લક્ષ્મી પાષાણના મહેલ સમાન છે. દૃષ્ટાંત તરીકે નવ નંદોએ સોનાના નવ ડુંગરા તૈયાર કર્યાં હતાં પણ તેઓના કમભાગ્યે પાષાણરૂપ થઇ ગયા. મમ્મણ શેઠે મહાકષ્ટે ઉપાર્જન કરેલ લક્ષ્મીનો દાનાદિકના અભાવથી તેની સર્વ લક્ષ્મી પૃથ્વી પર નાશ પામી. અનેક તેવા દૃષ્ટાંતો શાસ્ત્રમાં મોજુદ છે અને વર્તમાન કાળમાં પણ મનુષ્યો અનુભવે છે. લક્ષ્મીવડે ગમે તેટલો વૈભવ હોય, ભોગવટો હોય છતાં તે તે સ્તુતિપાત્ર નથી, પરંતુ જે મનુષ્ય મળેલી લક્ષ્મીવડે ઇચ્છિત દાન આપે છે તે જ મનુષ્ય સ્તુતિ કરવા લાયક છે અને સુકૃતની લક્ષ્મી અને તેનો સદ્વ્યય અને મનુષ્ય જન્મનું સાર્થકપણું તેનું જ ગણાય છે. લક્ષ્મીનું આભૂષણ દાન જ છે, તો તે દાન ધર્મનું કારણરૂપ, દયાને જણાવનારું; પ્રીતિ વધારનારું વગેરે શી રીતે છે અને તેના કેટલા પ્રકારો છે તે હવે પછી. [ ચાલુ ]

**આત્મવલ્લભ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મિક આરોગ્ય.

રોગીષ્ટ મનુષ્યની સાનિધ્યમાં–નિકટમાં રહેવાનું કોઇ પણ પસંદ કરતું નથી. રોગ કોઇને પસંદ હોતો નથી અને તેથી એક સામાન્ય વ્યાધિ થયેલ હોય તો પણ તેને માટે આપણને ખૂબ ફીકર થાય છે. તેને દૂર કરવા વૈદ્ય ડોકટરોને ત્યાં જઇએ છીએ, કલાકો સુધી બેસીએ છીએ અને અતિ કટુ દવાઓ પ્રાશન કરીએ છીએ. એ સર્વ ક્રિયાનો હેતુ એક જ હોય છે અને તે એ છે કે રોગથી મુક્તિ મેળવવી. રોગ અને શત્રુને ઊગતા જ ડામવા જોઇએ આ એક અતિ ડહાપણભરેલી કહેવત છે અને પ્રાયઃ આપણે સૌ તેમ વર્તવા પ્રયત્ન કરીએ છીએ.

દેહના આરોગ્ય માટે–રોગમુક્તિ માટે આટલી બધી સૂક્ષ્મ સંભાળ રાખનાર પણ આત્માના આરોગ્ય પ્રત્યે ભાગ્યેજ ખ્યાલ રાખતા હશે. એ આશ્ચર્યજનક બિના છે, અને છતાં તદ્દન સત્ય છે.

દેહમાં જેમ કેટલાક ક્ષુદ્ર રોગો ઉત્પન્ન થાય છે અને કોઇ વખત ભારે કર્મોદયથી મહદ્ રોગો પણ થાય છે, તેવી રીતે આત્મામાં અનેક નાના નાના રોગો શરૂઆતમાં ઘર કરે છે અને તેને દૂર કરવામાં દુર્લક્ષ કરવાથી તે મોટું રૂપ ધારણ કરે છે.

પરનિંદા–ઇર્ષ્યા–અસૂયા–દ્વેષ ઇત્યાદિ દોષોરૂપ રોગો વધતા વધતા આત્મા ઉપર પોતાનું સામ્રાજ્ય જમાવે છે. અને પછી તો તે દોષો સ્વાભાવિક જેવા થઇ જાય છે, જેને આપણે મનુષ્યના સ્વભાવ તરીકે ઓળખીએ છીએ. વસ્તુતઃ તે આત્માનો સ્વભાવ નહીં પણ વિભાવ જ છે–અંદરની વસ્તુ નહીં પણ બહારની વસ્તુ છે; પરંતુ સંયોગજન્ય આ મિત્રતાથી આત્મા પોતે પણ પોતાને નિર્બળ જ માન્યા કરે છે, વિભાવ દશાને સ્વભાવ દશા માને છે. પોતાને પોતાની અનંત શક્તિમાં વિશ્વાસ નથી રહ્યો, તેથી દેહના થોડા દુઃખે ત્રાસ અનુભવીએ છીએ. બાહ્ય મૂંઝવણમાં તુરતજ લેવાઇ જઇએ છીએ. આર્ત્તરૌદ્ર ધ્યાનને હીંડોળે સદાકાળ હિંચ્યા કરીએ છીએ. થોડી બાહ્ય સંપત્તિ મળે એટલે તુરતજ આપણે ફૂલીને ફાળકો બની જઇએ છીએ. રોગ-શોક, દુઃખ–દારિદ્રય આવ્યે રડતી સુરત બની જઇએ છીએ. આ સર્વ શું આત્માનો સ્વભાવ છે કે? બિલકુલ નહીં. આત્માનો સ્વભાવ તો એકાંતે જ્ઞાનયુક્ત,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મિક સૌંદર્ય.

સૌંદર્ય એ વસ્તુતઃ આત્માનો સ્વભાવ જ છે, અને તેથી પ્રત્યેક મનુષ્ય સૌંદર્યને ચાહે છે. કોઇને કુરૂપતા–અસૌંદર્ય–અસ્વચ્છતા ઇત્યાદિ ગમતા નથી, એ એમજ બતાવે છે કે મનુષ્યો સૌંદર્યના પૂજારી છે.

સુંદર બાળક દરેકના મનનું હરણ કરે છે. સુંદર સ્ત્રી મેળવવા સૌ ઇચ્છે છે. રૂપાળા સંતાનો થાય તેમ દંપતી ચાહે છે. શરીર સૌંદર્ય મેળવવા આપણી સતત અભિલાષા હોય છે. અત્ર જાણવાનું એ છે કે સુંદરતા પ્રાપ્ત કેમ થાય ?

કાકા સાહેબ કાલેલકરે થોડા સમય પૂર્વે સૌંદર્ય વિષે વ્યાખ્યાન આપતાં કંઇક એવા ભાવાર્થનું કહ્યું હતું કે–" સૂર્યને પાછળ રાખીને આપણે આપણી છાંયાને પકડવા જઇશું તો તે કદી પણ હાથ નહીં જ આવે, પરંતુ સૂર્યને સન્મુખ રાખીને ચાલવાથી તેજ–છાંયા આપણી પાછળ પાછળ દોડી આવશે. એવું જ સૌંદર્ય વિષે છે. અર્થાત્ તેને ઢુંઢવા ગયે તે નથી મળતું; પરંતુ સ્વાભાવિક રીતે જેની દૃષ્ટિ સૌંદર્યમય હોય છે તેને તે વરે છે."

---

આનંદયુક્ત–આરોગ્યયુક્ત–સુખયુક્ત જ છે. આ તો સર્વ કર્મજનિત રોગના સન્નીપાતના ચાળા છે. આધિ–વ્યાધિ–ઉપાધિનો ત્રિદોષ છે આત્મારૂપ દીવાકરની આડા કર્મના આ વાદળાઓ આવ્યા છે. અને તેથી જ તેજહીન દશા જણાય છે. એ સર્વ રોગોના નિવારણના ઉપાયો સદ્‌ગુરુરૂપ ઉત્તમ વૈદ્યની પાસેથી જાણીશું અને તેને મિટાવવા સદ્‌ગુરુએ આપેલ સત્શાસ્ત્રશ્રવણરૂપ રસાયણને પથ્યપૂર્વક આરોગીશું–અપથ્યનો ત્યાગ કરીશું ત્યારે જ આત્મિક ઉન્નતિ થશે–ત્યારે જ આત્માના રોગ દૂર થશે.

સનત્કુમાર ચક્રવર્તી, વૈદ્યરૂપધારી દેવોને કહે છે કે–"આ દ્રવ્ય રોગને મટાડવાની શક્તિ તો મારી પાસે જ છે, પરંતુ આત્માના કર્મરૂપ ભાવરોગને મટાડવાની જો તમારામાં શક્તિ હોય તો તેને મટાડો." કેવી ભાવના ? દેહના આરોગ્ય માટે ચાહના રાખનારા આત્માની આરોગ્યપ્રાપ્તિ માટે ફીકર રાખશે ત્યારે જ ખરું આરોગ્ય પ્રાપ્ત થશે.

—રાજપાળ મગનલાલ વ્હોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ થઈ બાહ્ય સુંદરતાની વાત. અલબત્ત, સંસારમાં તેની પણ ઓછે-વત્તે અંશે આવશ્યકતા તો હોય છે જ, પરંતુ તેમાં જ સુંદરતા પર્યાપ્ત થતી નથી બલ્કે તેનાથી અનેકગુણી વધુ આવશ્યકતા આત્મિક સૌંદર્યને ખીલવવાની છે; પરંતુ એ ભાવના કોઇકને જ જાગતી હશે અને જ્યાં સુધી એ દૃષ્ટિ નથી આવી ત્યાં સુધી વાસ્તવિક સૌંદર્ય પ્રાપ્ત થઇ શકતું જ નથી.

આત્માનું સૌંદર્ય શું હોઇ શકે? આત્મા ઘટ–પટાદિ જેવો રૂપી પદાર્થ નથી, કે જેથી તેની સુંદરતા જોઇ–જાણી શકાય! આવા પ્રશ્નો અત્ર ઉદ્ભવે તે સ્વાભાવિક છે. તેનું સમાધાન આ રીતે શકય છે.

કાચના પાત્રમાં રહેલ ઝાંખો અથવા તેજસ્વી દીપક જેમ પાત્રના પાર-દર્શક ગુણથી જોઈ શકીએ છીએ તેવું જ આત્મા વિષે છે. અર્થાત્ દેહાંતર્ગત રહેલ આત્મા જો સદ્ગુણ સૌંદર્યથી રહિત હોય તો તેની અસર દેહ ઉપર પણ પડે જ છે. અને તેથી વિચક્ષણ દૃષ્ટા એ સ્થિતિને જાણી લ્યે છે. તેથી વિરુદ્ધ જો આત્મિક સૌંદર્ય ખીલ્યું હોય તો તેની અસર પણ આત્માના નિવાસસ્થાનરૂપ આ દેહ ઉપર થયા વિના નથી જ રહેતી.

યદિ સદ્ગુણોરૂપ સૌંદર્યનો અભાવ હોય છતાં કેવળ દેહની સુંદરતા, ટાપટીપ ઇત્યાદિ વધારવા યત્ન કરવાથી જે સૌંદર્ય ઉત્પન્ન થશે તે કાગળનાં ફૂલો જેવું જ હશે. અર્થાત્ દેખાવમાં સુંદર છતાં સુવાસથી રહિત એવા કાગ-ળના પુષ્પો અજ્ઞ મનુષ્ય સિવાય કોણ ઈચ્છે ભલા?

ગુણદૃષ્ટિને પ્રગટાવવી, દોષદૃષ્ટિનો સર્વથા ત્યાગ કરવો, ગુણાનુરાગ પ્રગટાવવો, સર્વ જીવ–મૈત્રીભાવ, દાન, સુંદર સ્વભાવ, ત્યાગ, મિષ્ટ અને હિતકારી ભાષા, સેવા, સમભાવ, સત્સમાગમ, ખરો ધર્મસ્નેહ, પરોપકાર ઇત્યાદિ ગુણસમૂહને વિકસાવવાથી આત્મા સૌંદર્યની અભિમુખ થશે જ–સૌંદર્યની નિકટમાં વધુ ને વધુ જશે

આવું સૌંદર્ય સૌમાં પ્રગટો એમ ઇચ્છીએ.

—રાજપાળ મગનલાલ વ્હોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વીતરાગસ્તોત્ર અંતર્ગત

# જગત્કર્તૃનિરાસ નામા

## સપ્તમ પ્રકાશ.

પાપ-પુણ્ય વગર શરીર ધારવાનું ન હોય, શરીર વગર મુખ-વાચા ન હોય અને મુખ વગર વાણીનો વ્યાપાર (વક્તાપણું) ન હોય તો પછી (તે વિના) અન્ય દેવો ઉપદેશદાતા શી રીતે ઠરે ? ૧.

જેને દેહ નથી એવા દેવને જગતની સૃષ્ટિ કરવામાં પ્રવૃત્તિ પણ ઉચિત નથી. વળી કૃતકૃત્ય હોવાથી તેમ કરવાનું તેમને કશું પ્રયોજન નથી; કેમકે શિવાસ્તિકો કહે છે કે-તે ભગવાન પારકી આજ્ઞાવડે પ્રવર્તતા નથી, પણ સ્વતંત્રતા-સ્વઇચ્છાવડે જ પ્રવર્તે છે. ૨

જો ક્રીડા-કૌતુકવડે પ્રવર્તતા હોય તો બાળકની પેરે રાગવાન ઠરે છે (જેમ બાળક ધૂળના ગૃહાદિક બનાવી, ક્ષણભર ક્રીડા કરી, પોતે જ તેનો ભંગ કરી જેવાં આવ્યાં તેવાં જ ચાલ્યા જાય છે) અને જો કૃપાવડે સૃષ્ટિની પ્રવૃત્તિ કરતા હોય તો સહુને સુખી જ સર્જે, દુઃખી તો ન જ સર્જે; પણ એમ તો દીસતું નથી. ૩

ઇષ્ટ વિયોગાદિક દુઃખ અને દારિદ્ર, તથા શ્વાન, ચંડાલ અને નરકાદિક દુર્યોનિ તેમજ જન્મ જરાદિક કલેશથી પીડિત એવા પ્રાણીઓને સર્જતા તે કૃપાળુની કૃપાળુતા કયાંય રહી ? અપિતુ કંઇ પણ કૃપાળુતા નહિં જ રહી. ૪.

જો પ્રાણીઓના કર્માનુસારે તે સુખદુઃખ આપે છે, એમ માનતા હો તો તે ઇશ્વર આપણી પેરે સ્વતંત્ર ઠરશે નહિ. જો કર્મજનિત જ બધી વિચિત્રતા બનતી માનો તો પછી નપુંસક જેવા આ (કલ્પિત) ઇશ્વરનું પ્રયોજન જ શું? કંઇ જ નહિ. ૫

વળી ઇશ્વરની જગત્સૃષ્ટિ સંબંધી સ્વેચ્છાવૃત્તિ બાબત કોઇએ કશો તર્ક ન જ કરવો એમ કહેતા હો તો પછી પરીક્ષક જનોને પરીક્ષા નહિ કરવા દેવા જેવું આ તમારું અનિષ્ટ ઠરશે. ૬

સર્વ પદાર્થવિષયક જ્ઞાતાપણું (જાણપણું) એ જ જો જગત્કર્તાપણું માનતા હો તો તે વાત અમને પણ સંમત જ છે; કેમકે અમારા જિનશાસનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આચારાંગ સૂત્રના અનુવાદરૂપ

# સુભાષિતો.

## શ્રી મહાવીરસ્વામીના આચાર-ધર્મમાંથી ઉદ્ધરિત.

સંગ્રાહક—શ્રી કર્પૂરવિજયજી મહારાજ

જગતના લોકોની કામનાનો પાર નથી. તેઓ ચાલણીમાં પાણી ભરવાનો પ્રયત્ન કરે છે. ( ૩-૧૧૩ )

કામો પૂર્ણ થવા અશક્ય છે અને જીવિત વધારી શકાતું નથી. કામકામી મનુષ્ય શોક કર્યા જ કરે છે તથા ઝૂર્યા કરે છે. ( ૨-૯૨ )

હે ધીર ! તું આશા અને સ્વચ્છંદને છોડી દે, તે બેનું શલ્ય સ્વીકારીને જ તું રખડ્યા કરે છે. સુખનું સાધન માનેલી વસ્તુઓ જ તારા દુ:ખનું કારણ થઇ પડે છે. ( ૨-૮૪ )

તારા સગાસંબંધી, વિષયભોગો કે દ્રવ્યસંપત્તિ તારું રક્ષણ કરી શક્તા નથી કે તને બચાવી શક્તા નથી. તેમજ તું પણ તેમનું રક્ષણ કરી શકતો નથી કે તેમને બચાવી શકતો નથી. દરેકને પોતાના સુખ દુ:ખ જાતેજ ભોગવવા પડે છે માટે જ્યાં સુધી પોતાની ઉમ્મર હજુ મૃત્યુથી ઘેરાઈ નથી તથા શ્રોત્રાદિ ઇંદ્રિયોનું બળ તેમજ પ્રજ્ઞા-સ્મૃતિ-મેધા વિગેરે કાયમ છે ત્યાં સુધી અવસર ઓળખી શાણા પુરુષે પોતાનું કલ્યાણ સાધી લેવું જોઇએ. (૬૮-૭૧)

જેઓ કામગુણોને ઓળંગી જાય છે તેઓ ખરેખર મુક્ત છે. અકામથી કામને દૂર કરતાં તેઓ પ્રાપ્ત થયેલા કામગુણોમાં પણ ખુંચતા નથી. ( ૨-૭૯ )

કામભોગોમાં સતત મૂઢ રહેતો માણસ ધર્મને ઓળખી શકતો નથી. વીર ભગવાને કહ્યું છે કે તે મહામોહમાં બિલકુલ પ્રમાદ ન કરવો. શાંતિના સ્વરૂપનો અને મરણનો વિચાર કરીને તથા શરીરને નાશવંત જાણીને કુશળ પુરુષ કેમ પ્રમાદ કરે ? (૨-૮૪)

બધા પ્રાણીઓને આયુષ્ય અને સુખ પ્રિય છે તથા દુ:ખ અને વધ અપ્રિય તથા પ્રતિકૂળ છે. તેઓ જીવિતની કામનાવાળા અને જીવિતને પ્રિય માનનારા છે. બધાને જીવિત પ્રિય છે. પ્રમાદને લીધે પ્રાણોને અત્યાર સુધી જે વ્યથા આપી છે તેને બરાબર સમજીને ફરીથી

---

દેહધારી સતા, ઘાતી કર્મ રહિત સર્વજ્ઞો, સમસ્ત પદાર્થોને સંપૂર્ણ રીતે જાણતા સતા (કેટલોક કાળ) જયવંત વર્તે છે. ૭

હે નાથ ! પૂર્વોક્ત પ્રકારે યુક્તિ રહિત જગત્સૃષ્ટિવાદ સંબંધી કદાગ્રહ તજીને, જેમના ઉપર આપ પ્રસન્ન છો, તે પુરુષો આપના શાસનમાં જ આનંદ પામે છે. ૮

સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવું ન કરવું તેનું નામ ખરી સમજ છે અને એ જ કર્મોની ઉપશાંતિ છે. ભગવાને આપેલી આ સમજને સમજતો અને સત્ય માટે ઉદ્યમવંત થયેલો મનુષ્ય કોઇ પણ પાપકર્મ કરે નહિં કે કરાવે નહિ ( કારણ કે પાપકર્મમાત્રમાં કોઇ ને કોઇ જીવવર્ગની હિંસા કે દ્રોહ રહેલાં છે.)

જે અહિંસામાં કુશળ છે અને જે બંધથી મુક્તિ મેળવવાની જ તરખટમાં રહે છે તે સાચો બુદ્ધિમાન છે. પ્રમાદ અને તેને પરિણામે કામગુણોમાં આસક્તિ એ જ હિંસા છે, માટે બુદ્ધિમાને પ્રમાદથી 'જે મેં પહેલું કર્યું તે હવેથી નહિં કરું' એવો નિશ્ચય કરવો જોઇએ. માણસ વિવિધ પ્રાણોની હિંસામાં પોતાનું જ અનિષ્ટ જોઇ શકે છે, તે તેનો ત્યાગ કરવા સમર્થ થઇ શકે છે. જે માણસ પોતાનું દુઃખ જાણે છે તે બહારનાનું દુઃખ જાણે છે અને જે બહારનાનું દુઃખ જાણે છે તે પોતાનું દુઃખ પણ જાણે છે. શાંતિને પામેલા સંયમીઓ બીજાની હિંસા કરીને જીવવા નથી ઇચ્છતા.

મનુષ્યે અન્ય જીવોની બાબતમાં બેદરકાર ન રહેવું. જે અન્ય જીવની બાબતમાં બેદરકાર રહે છે તે પોતાની બાબતમાં બેદરકાર રહે છે તથા જે પોતાની બાબતમાં બેદરકાર રહે છે તે અન્ય જીવની બાબતમાં પણ બેદરકાર રહે છે.

હિંસાના મૂળરૂપ હોઇ, કામગુણો જ સંસારના ફેરા છે. સંસારના ફેરા છે તે કામગુણોનું બીજું નામ જ છે. બધી બાજુ અનેક પ્રકારના રૂપો જોતો અને શબ્દો સાંભળતો મનુષ્ય તે બધામાં આસક્ત થાય છે તેનું નામ જ સંસાર છે. એવો માણસ મહાપુરુષોએ બતાવેલે માર્ગે ચાલી શકતો નથી પરંતુ ફરીફરીને કામગુણોનો આસ્વાદ લેતો, હિંસાદિ વક્ર પ્રવૃત્તિઓ કરતો પ્રમાદપૂર્વક ઘરમાં જ મૂર્છિત રહે છે.

જે મનુષ્ય શબ્દાદિ કામગુણોમાં રહેલી હિંસાને જાણવામાં કુશળ છે તે અહિંસાને સમજવામાં કુશળ છે અને જે અહિંસાને સમજવામાં કુશળ છે તે શબ્દાદિ કામગુણોમાં રહેલી હિંસાને સમજવામાં કુશળ છે.

વિષયોના સ્વરૂપને જે બરાબર જાણે તે સંસારને બરાબર જાણે છે અને જે વિષયોનું સ્વરૂપ નથી જાણતો તે સંસારનું સ્વરૂપ પણ નથી જાણતો.

મેં સાંભળ્યું છે અને મને અનુભવ છે કે બંધનથી છૂટા થવું એ તારા જ હાથમાં છે, માટે જ્ઞાનીઓ પાસેથી સમજ પ્રાપ્ત કરીને હે પરમ ચક્ષુવાળા પુરુષ ! તું પરાક્રમ કર. એનું જ નામ **બ્રહ્મચર્ય** છે એમ હું કહું છું.

હે ભાઇ ! તારી જાત સાથે જ યુદ્ધ કર. બહાર યુદ્ધ કરવાથી શું ? એના જેવી યુદ્ધને યોગ્ય બીજી વસ્તુ મળવી દુર્લભ છે.

હે ભાઇ ! તું જ તારો મિત્ર છે, બહાર કયાં મિત્ર શોધે છે ? તારી પોતાની જાતને જ નિગ્રહમાં રાખ તો બધા દુઃખોમાંથી મુક્ત થઇ શકીશ.

પ્રમાદીને બધે પ્રકારે ભય છે; અપ્રમાદીને કોઇ પ્રકારે ભય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મને જ્ઞાની પુરુષો પાસેથી સમજીને કે સ્વીકારીને સંઘરી ન રાખવો પરંતુ પ્રાપ્ત થયેલા ભોગ પદાર્થોમાં પણ વૈરાગ્ય પામી, લોકપ્રવાહને અનુસરવાનું છોડી દેવું. જગતમાં જ્યાં જુઓ ત્યાં આરામ સુખશીલતા દીસે છે એમ સમજી ત્યાંથી ઇન્દ્રિયોને હટાવી લઇ સંયમી પુરુષે જિતેન્દ્રિય થઇને વિચરવું. જે પોતાનાં કાર્યો સાધવા ઇચ્છે છે તેવા વીર પુરુષે હંમેશાં જ્ઞાનીના કહ્યા મુજબ પરાક્રમ કરવું. વીરશિષ્ય ગૌતમાદિકની પેરે અપ્રમત્તપણે વર્તતાં બેડો પાર થાય છે. સંયમીને અંત સુધી રણસંગ્રામમાં મોખરે ઝૂઝનારા વીર પુરુષની ઉપમા અપાય છે. એવો જ મુનિ પારગામી થઇ શકે છે. તે સંયમમાં સ્થિર રહે તો કદાપિ ગભરાઇ પાછો ન હટે.

ઇન્દ્રિયોના સંબંધમાં આવેલા વિષયને અનુભવવો એ શકય નથી પરંતુ સંયમી પુરુષ તેમાં થતાં રાગ-દ્વેષ( આસક્તિ )નો ત્યાગ કરે એ માર્ગ શકય અને હિતકર છે.

જે જ્ઞાની સુવિવેકી છે તેને માટે કશો ઉપદેશ નથી. કુશળ પુરુષ કંઇ કરે અથવા ન કરે તેથી તે બદ્ધ પણ નથી અને મુક્ત પણ નથી તો પણ લોકરુચિને બધી રીતે બરાબર સમજીને, સમયને ઓળખીને તે કુશળ પુરુષ પૂર્વેના મહાપુરુષોએ ન આચરેલા કર્મો આચરતો નથી. (એવું ડહાપણભર્યું આચરણ કરવાનું તે ભૂલતો નથી)

એક બીજાની શરમથી કે ભયથી પાપકર્મ ન કરનાર શું મુનિ કહેવાય? ખરો મુનિ તો સમતાને બરાબર સમજીને પોતાના આત્માને નિર્મળ કરનારો હોય છે.

જે સરલ હોય, મુમુક્ષુ હોય અને અદંભી હોય તે જ સાચો અણગાર છે. જે શ્રદ્ધાથી માણસ ગૃહત્યાગ કરે તે જ શ્રદ્ધાને, શંકાઓ અને આસક્તિ છોડી સદા ટકાવી રાખવી ઘટે. વીર પુરુષો એ જ (કલ્યાણકારી) મહામાર્ગે જ ચાલેલા છે.

સુખ-દુઃખમાં સમભાવ રાખી જ્ઞાની પુરુષોના સંગમાં રહેવું અને કોઇ પણ પ્રાણીને પોતાની કોઇ પણ ક્રિયાથી પરિતાપ ન આપવો. પાપથી ડરનારો અને પૃથ્વીની પેરે બધું સહી લેનારા મહામુનિ ઉત્તમ શ્રમણ કહેવાય છે.

ઉત્તમ ધર્મપદને અનુસરનારા, તૃષ્ણા રહિત, ધ્યાન અને સમાધિયુક્ત તથા અગ્નિની શિખા જેવા તેજસ્વી એવા તે વિદ્વાન સાધુનાં તપ, પ્રજ્ઞા અને યશવૃદ્ધિ પામે છે.

એ પ્રકારે કામગુણોથી મુક્ત રહી વિવેકપૂર્વક આચરણ કરનાર તે ધીર-વીર સાધુનાં પૂર્વે કરેલાં તમામ પાપકર્મ, અગ્નિથી જેમ સોના-ચાંદીનો મેલ દૂર થઈ જાય તેમ સાફ થઇ જાય છે.

સર્વ બંધનથી ને પર આશંસાથી રહિત નિરાલંબ અને અપ્રતિબંધ એવો તે મહામુનિ જન્મ-મરણથી સર્વથા મુક્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાસ્તાવિક સદ્બોધ.

૧ જેમ દાંત વગરનો હાથી, વેગ વગરનો ઘોડો, ચંદ્ર વગરની રાત્રિ, સુગંધ વગરનું ફૂલ, જળ વગરનું સરોવર, છાયા વગરનું વૃક્ષ, મીઠા વગરનું ભોજન, ગુણ વગરનો પુત્ર, ચારિત્ર વગરનો સાધુ અને દ્રવ્ય વગરનું ઘર એ બધાં શોભતા નથી તેમ ધર્મ-કળા વગરનો માનવ પણ શોભા પામતો નથી-શોભતો નથી.

૨ સુકૃત કરવામાં તત્પર રહેનારા પુરુષો પુન્યબળવડે સૌ કરતાં ચડી જાય છે, અને જેમ વૃક્ષોને વેલડીઓ વિંટાઇ વળે છે તેમ તેમને સંપદાઓ વીંટી વળે છે.

૩ ઉત્તમ જનોના હૃદયમાં આ ચાર વાનાં વસી રહે છેઃ-૧ સુપાત્રદાન, ૨ મધુરી વાણી, ૩ વીતરાગ-પૂજા અને ૪ સદ્ગુરુસેવા. એનાથી જીવ સ્વોન્નતિ સાધે છે.

૪ સંતોષી, વિનયી, દયા-દાન રુચિવાળો અને પ્રસન્ન હૃદયવાળો મનુષ્ય માનવ ગતિમાંથી આવીને અવતરેલો સમજવો. તેને માનવધર્મની યોગ્યતાવાળો જાણવો.

૫ જેમનું દ્રવ્ય ઉત્તમ ક્ષેત્રમાં વિવેકથી વપરાય છે તેજ દ્રવ્ય પ્રશંસવા યોગ્ય છે.

૬ બધા કુળમાં શ્રાવક કુળ પ્રધાન છે, બધા દેવોમાં જિનેશ્વર દેવ પ્રધાન છે, બધા દાનમાં અભયદાન પ્રધાન છે અને બધા મરણમાં સમાધિમરણ પ્રધાન છે.

૭ સાહસિક પુરુષને લક્ષ્મી પ્રાપ્ત થાય છે પણ કાયરને પ્રાપ્ત થતી નથી.

૮ કેટલાક વાનાં ( નખ-કેશાદિક ) સ્થાનભ્રષ્ટ થયા શોભતા નથી પણ સિંહ, સત્પુરુષ અને હાથી તો સ્થળભ્રષ્ટ થવાથી સવિશેષ શોભા પામે છે-શોભે છે.

૯ દિવસે થયેલી વિજળી અને રાત્રે થયેલ ગર્જારવ ખાલી-નિષ્ફળ જતાં નથી. તેમજ સંત-સાધુપુરુષનું વચન અને દેવનું દર્શન પણ નિષ્ફળ જતું નથી, પણ સફળ થાય છે.

૧૦ લજ્જા, દયા, ઇન્દ્રિયદમન, ધૈર્ય, પુરુષપરિચય, ત્યાગ અને એકલવાસ-એકાન્તસેવનત્યાગ એ બધા ગુણ સ્ત્રીઓને સ્વશીલરક્ષા માટે બહુ ઉપયોગી છે.

૧૧ શીલ જ ઉત્તમ ધન છે, શીલ જ જીવોને પરમ મંગળરૂપ છે, શીલજ દારિદ્રને હરનાર છે અને શીલ જ સકળ સુખ-સંપદાને વસવાનું કુળભવન છે.

૧૨ ધર્મ-સંબળ સાથે હોય તો જ માણસને ખરી દિલસોજી મળે છે. સુકૃત કરણી કરી લેવામાં એક ક્ષણ વાર પણ વિલંબ ન કરવો; કેમકે પળેપળે આવખું ખુટતું જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિજ્ઞાન યુગનો પરમાણુ.

ભૂમિકા.

શોધખોળના આ યુગમાં, આખરે Atom યાને પરમાણુ સંબંધમાં જે વ્યાખ્યા આગમ ગ્રંથોમાં આલેખાયેલી છે તે લગભગ સ્વીકારાવા લાગી છે. એની સૂક્ષ્મતા સંબંધનું જે જ્ઞાન વિજ્ઞાનવેત્તાઓએ યંત્રોદ્વારા અનુભવી પ્રગટ કર્યું છે એ પ્રથમ દૃષ્ટિયે સામાન્ય જનવૃંદને અચંબો પમાડે તેવું છે. આમ છતાં પ્રત્યક્ષ સાધનદ્વારા સાબિત થતી વસ્તુ કોનાથી નકારી શકાય ? જ્ઞાનીઓએ વિશિષ્ટ જ્ઞાનદ્વારા જે જે વિષયોનાં ઉલ્લેખો કર્યાં છે તે નિતાંત શ્રદ્ધેય છે, એટલું જ નહિં પણ એ પાછળ પરિશ્રમ સેવનાર માટે ઉપર વર્ણવ્યા મુજબ પરમાણુ અનુભવસિદ્ધ થઇ શકે તેવા જ છે.

જે પરમાણુ માટે વિજ્ઞાનીઓ અખતરા કરી, સાબિતીઓના સંભાર ભરી રહ્યા છે, તે જૈન દર્શનની દૃષ્ટિયે હજુ તો સ્થૂળ દશાનો કહી શકાય; કેમકે જૈનદર્શનમાં તો પરમાણુ એ પુદ્ગલથી છૂટો પડેલ નિર્વિભાજ્ય ભાગ છે. જ્ઞાનીની નજરે જેમાં બીજો ભાગ ન કલ્પી શકાય એવો સૂક્ષ્મતમ અણુ એ જ પરમાણુ.

જો કે આજના Atomને આ વ્યાખ્યામાં ઓતપ્રોત થતાં કદાચ વિલંબ થવા સંભવ છે, છતાં કેટલાક ચાલુ યુગના કેળવાયેલાઓ વાત વાતમાં હંબગ

---

૧૩ હે ભવ્યજનો ! ધર્મકાર્ય કરવાના વાયદા ન કરો. જે ધર્મકૃત્ય આવતી કાલે કરવા ધારતા હો તો હમણાં જ કરો, કેમકે ક્ષણ ક્ષણ કરતાં આવખું પૂરું થઇ જાય છે.

૧૪ પુન્યશાળી આત્માને અહીં જ આરોગ્ય, સૌભાગ્ય, ધનસંપત્તિ, નાયકતા, આનંદ, સદા જય અને વાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. એવા ધર્મ પુન્યનો અનાદર કેમ જ કરાય ?

૧૫ પ્રગટ પ્રભાવવાળો જૈનધર્મ, સંત સાધુજનોની સંગતિ, ઉત્તમ વિદ્દગોષ્ઠી, વચનચાતુરી, સુશાસ્ત્રકુશળતા, ન્યાયોપાર્જિત લક્ષ્મી, સદ્દગુરુઓની સેવા, શુદ્ધ શીલ, અને નિર્મળ મતિ એટલા વાનાં પુન્યશાળી જીવોને પ્રાપ્ત થઈ શકે છે. વળી વનમાં, રણસંગ્રામમાં, શત્રુમાં, જળમાં અને અગ્નિની મધ્યમાં, મહાસાગરમાં અથવા પર્વતના શિખર ઉપર સૂતેલા પ્રાણીની તેનાં પૂર્વકૃત પુન્ય જ રક્ષા કરે છે.

સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માની જૈન દર્શનના તત્ત્વ પ્રતિ દૃષ્ટિ સરખી ફેરવતાં નથી તેઓ ઉપરના ઉદાહરણ પરથી ધડો લઇ, આપણે ત્યાં માનવામાં આવેલ 'અજીવ' તત્ત્વનું સ્વરૂપ વિચારે, અને એ વિષય ઉપર ઊહાપોહ ચલાવી, વર્તમાન યુગને ઉચિત માર્ગે દલીલપુરસ્સર એની વિચારણામાં પ્રવર્તે તો જરૂર લાભ થાય.

**અજીવસ્વરૂપ.**

જીવના લક્ષણથી વિપરીત લક્ષણને ધારણ કરનાર જે જડ પદાર્થ તેનું નામ અજીવ. તેના મુખ્ય પાંચ ભેદ આ પ્રમાણે–(૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) પુદ્‌ગલાસ્તિકાય અને (૫) કાળ. અસ્તિકાયનો અર્થ પ્રદેશોનો સમૂહ થાય છે.

**ધર્માસ્તિકાય**—સંસારમાં આ નામનો એક અરૂપી પદાર્થ છે. જીવ અને જડની ગતિમાં સ્હાયક થવારૂપ તેનું કાર્ય છે. જો કે જીવ અને જડ એવા પુદ્‌ગલોમાં ચાલવાનું સામર્થ્ય છે, પરન્તુ ધર્માસ્તિકાયની મદદ વિના તે ફળિભૂત થતું નથી. માછલીમાં ચાલવાની શક્તિ હોવા છતાં પાણીની અગત્ય પડે છે તેમ આ પદાર્થની ચલનક્રિયામાં ખાસ આવશ્યકતા છે. તેના પ્રભેદ ત્રણ સ્કન્ધ, દેશ અને પ્રદેશ.

**અધર્માસ્તિકાય**—આ સ્થિર થવામાં સ્હાય અર્પતો પદાર્થ છે. જેમ પથિકને સ્થિર થવામાં યાને વિશ્રાન્તિ મેળવવામાં સ્વઅભિલાષા ઉપરાંત વૃક્ષની છાયા સ્હાયકર્ત્તા છે, તેમ આ દ્રવ્ય અરૂપી છતાં જીવ–પુદ્‌ગળને સ્હાયક થાય છે. તેના પણ ઉપર મુજબ સ્કન્ધ, દેશ અને પ્રદેશરૂપ ત્રણ ભેદો છે.

એક સમૂહાત્મક પદાર્થને સ્કન્ધ કહેવાય છે, તેના જુદા જુદા ભાગોને દેશ અને જેનો ફરીથી વિભાગ થઇ શકે નહિં એવા તદ્દન સૂક્ષ્મતમ ભાગને પ્રદેશ કહેવાય છે.

આ બે પદાર્થોને અવલંબીને જ જૈન શાસ્ત્રોમાં લોક અલોકની વ્યવસ્થા બતાવવામાં આવી છે. એટલે જ્યાં લગી આ પદાર્થોનું અસ્તિત્વ છે ત્યાં લગીના ભાગને **લોક** તરિકે ઓળખવામાં આવે છે અને તેથી પર તે **અલોક** છે. અલોકમાં આકાશ નામના દ્રવ્ય સિવાય બીજું કંઇ નથી તેટલા માટે જ મોક્ષમાં જનારા આત્માઓની ગતિ લોકના અંત સુધી બતાવવામાં આવી છે. તેથી આગળ અલોકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય રૂપ પદાર્થોનો અભાવ હોવાથી ત્યાં ગતિ થઇ શકતી નથી. વળી આ દ્રવ્ય–યુગલના અસ્તિત્વમાં શંકા ધરવામાં આવે તો આત્માની ઊર્ધ્વગતિ બરાબર થતી જ રહે, એથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોક્ષસ્થાનની વ્યવસ્થા ઠીક ઠીક નિર્ણીત થઈ શકે નહો. પરિણામ એ આવે કે સ્વર્ગની માફક મોક્ષ પણ એક નાશવંત પદાથ ઠરે છે. એ સારુ પણ ઉક્ત અરૂપી બે પદાર્થો સ્વીકારવા પડે છે જ.

**આકાશાસ્તિકાય**—આ પણ એક અરૂપી પદાર્થ છે. જીવ–પુદ્ગલને અવકાશ યાને માર્ગ આપવારૂપ તેનો સ્વભાવ છે. જેમ દૂધમાં સાકર અથવા તો કાષ્ઠમાં ખીલીને સ્થાન મળે છે તેમ સૃષ્ટિના જડ ચેતનરૂપ પ્રત્યેક પદાર્થો તેના અવલંબન વિના રહી શકતા નથી. તેના પણ ઉપર પ્રમાણે સ્કન્ધ, દેશ, પ્રદેશરૂપ ત્રણ ભેદો છે.

**પુદ્ગલાસ્તિકાય**—પરમાણુથી માંડી સ્થૂળ કે અતિ સ્થૂળ સુધીના તમામ પદાર્થો પુદ્ગળ છે. શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા( પ્રતિબિંબ ), આતપ, રૂપ ચિન્હોથી પુદ્ગળો ઓળખાય છે અને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ તેના ખાસ લક્ષણ યાને ધર્મ કે ગુણ છે. તેના સ્કન્ધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદ પડે છે. પ્રદેશ અને પરમાણુમાં ખાસ વિશેષ અંતર નથી. જે નિર્વિભાજ્ય ભાગ બીજા ભાગોની સાથે મળીને રહે તે પ્રદેશ અને તે જ નિર્વિભાગ ભાગ જો જુદો હોય તો તેની ગણના પરમાણુ તરિકે થાય.

**કાળ**—આ પદાર્થ કલ્પિત છે તેથી તે ઔપચારિક દ્રવ્ય ગણાય છે. અતદ્ભાવમાં તદ્ભાવનું જ્ઞાન એ ઉપચાર કહેવાય છે. મુહૂર્ત, દિવસ આદિ પાડવામાં આવેલા વિભાગો તે અસદ્ભૂત ક્ષણોને બુદ્ધિમાં ઉપસ્થિત કરી પાડવામાં આવ્યા છે. ગયો સમય નષ્ટ થયો અને ભવિષ્યનો સમય અત્યારે અસત્ છે તેથી ચાલુ સમય એટલે વર્તમાન ક્ષણ એ જ સદ્ભૂત કાળ છે. આ ઉપરથી જોઇ શકાય છે કે એક ક્ષણ માત્ર કાળમાં પ્રદેશની કલ્પના હોઇ શકે નહિ અને તેથી ‘ કાળ ’ની સાથે ‘ અસ્તિકાય ’નો પ્રયોગ નથી કરાતો.


જૈન શાસ્ત્ર મુજબ કાળના મુખ્ય બે વિભાગ કરાયલા છે. ૧ **ઉત્સર્પિણી** અર્થાત્ જે સમયમાં રૂપ–રસ–ગંધ–સ્પર્શ એ ચારેની ક્રમશઃ વૃદ્ધિ થતી રહે તેવો કાળ અને ૨ **અવસર્પિણી** અર્થાત્ જેમાં ઉક્ત ચારે પદાર્થોનો ક્રમશઃ હ્રાસ થતો જાય તેવો કાળ. પ્રત્યેકનાં છ છ પેટાભાગો છે જેને **‘આરા’** કહેવામાં આવે છે અર્થાત્ કાળરૂપી ચક્રમાં ( પૈડામાં ) ઉત્સર્પિણીના ૧–૨–૩–૪–૫–૬ એમ ક્રમથી આરા આવે છે જ્યારે ઊલટા ક્રમથી અવસર્પિણીના પણ તેવા જ ૬ આરાં આવે છે. આ ભરતક્ષેત્રને આશ્રયી કહેતાં એ ઉભય સર્પિણીઓમાં ચોવીશ ચોવીશ તીર્થંકરો ઉત્પન્ન થાય છે અને તે છ આરામાંના

For Private And Personal Use Only

ત્રીજા તથા ચોથામાં જ. આમ કાળની ગણુના નવા જૂનાની અપેક્ષા રૂપે જ છે. તે સંબંધી સંક્ષિપ્ત કોષ્ટક નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| નિર્વિભાજ્ય કાળપ્રમાણુ | – ૧ સમય. એક યુવાન, ભાલાવડે કમળ પત્ર છેદનં કરે અને એક પત્રથી બીજા પત્રમાં છેદ પડે એ દષ્ટાન્તથી. |
| ૯ સમયનું | –૧ જઘન્ય અંતર્મુહૂર્ત. |
| જઘન્ય યુક્ત અસંખ્ય સમયની | –૧ આવલી. |
| ૨૫૬ આવલીનો | –૧ ક્ષુલ્લક ભવ. |
| ૨૨૨૩$\frac{૧૨૨૯}{૩૭૭૩}$ આવલીનો | –૧ ઉચ્છ્વાસ વા નિઃશ્વાસ. |
| ૪૪૪૬$\frac{૨૪૫૮}{૩૭૭૩}$ આવલીનો અથવા સાધિક ૧૭ાા ક્ષુલ્લક ભવનો | –૧ પ્રાણ (શ્વાસોશ્વાસરૂપ) |
| ૭ પ્રાણુનો | –૧ સ્તોક. |
| ૭ સ્તોકનો | –૧ લવ. |
| ૩૮ાા લવની | –૧ ઘડી. |
| ૨ ઘડી વા ૭૭ લવ અથવા ૬૫૫૩૬ ક્ષુલ્લક ભવનું | –૧ મુહૂર્ત. |
| સમયોન ૨ ઘડીનું | –ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. |
| ૩૦ મુહૂર્ત | –૧ દિવસ ( રાત્રિયુક્ત ) |
| ૧૫ દિવસ | –૧ પક્ષ. |
| ૨ પક્ષ વા ૩૦ દિવસ | –૧ માસ. |
| ૬ માસ (૧૮૩ દિવસ) | –૧ અયન. |
| ૧૨ માસ (૨ અયન) | –૧ વર્ષ. |
| ૫ વર્ષ | –૧ યુગ. |
| ૮૪ લાખ વર્ષ | –૧ પૂર્વાંગ. |
| ૭૦ ક્રોડ ૫૬ લાખ ક્રોડ વર્ષ ( ૭૦૫૬૦૦૦૦૦,૦૦૦૦૦ ) | –૧ પૂર્વ. |
| અસંખ્ય વર્ષોનો | –૧ પલ્યોપમ. |
| ૧૦ કોડાકોડી પલ્યોપમ | –૧ સાગરોપમ. |
| ૧૦ ,, સાગરોપમ | –૧ ઉત્સર્પિણી વા ૧ અવસર્પિણી. |
| ૨૦ ,, ,, | –૧ કાળચક્ર. |
| અનંત કાળચક્રો | –૧ પુદ્ગળપરાવર્તન. |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧. **શ્રીમાન મુનિરાજ શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાઇબ્રેરી તથા સંસ્કૃત પાઠશાળા**—આ સંસ્થાનો પચીશથી સતાવીશ સુધીનાં ત્રણ વર્ષનો રિપોર્ટ. સતાવીસ વર્ષ ઉપર ખરેખરી જરૂરીયાત હતી ત્યારે ગુરુભક્તિનિમિત્તે આ લાઇબ્રેરીનો જન્મ મુંબઇમાં થયો છે. તેની કાર્યવાહી વ્યવસ્થિત, હિસાબ ચોખવટવાળો અને કમીટી ઉત્સાહી છે. સંસ્કૃત પાઠશાળાનો લાભ મુનિરાજશ્રી તથા ગૃહસ્થો લે છે. લાઇબ્રેરીના પુસ્તકો મ્હોટી સંખ્યામાં વિવધ વિષય અને ભાષાના લખેલી પ્રતો સાથે છે જેનો લાભ સારી સંખ્યામાં લેવાય છે. દિનપ્રતિદિન ઉપયોગિતા વધતી જાય છે. માનદ સેક્રેટરી શ્રીયુત હીરાલાલ મંચ્છાચંદ શાહ સોલિસિટરની તેમજ કમીટીની સેવા પ્રશંસનીય છે. ભવિષ્યમાં તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ વહેલી તકે મકાનના ઉદ્ધારની જરૂર છે.

---

૨. **શ્રી જૈન વીસાશ્રીમાળી જ્ઞાતિ દવાખાના**—નો સં. ૧૯૩૬ નો રિપોર્ટ મળ્યો છે. અમદાવાદમાં જ્ઞાતિસેવાનું અને રાહત માટેનું આ ખાતું આશીર્વાદવાળું છે. વ્યવસ્થા બરાબર હોવાથી લાભ ઠીક લેવાય છે. છ વર્ષ થયા આ ખાતું ચાલે છે. આ ખાતાને

---

પુદ્ગળના ખંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ નામના ચાર ભેદ છે. દેશ સાથે જોડાઇ રહેલ જ્ઞાનીની દૃષ્ટિએ નિર્વિભાજ્ય ભાગ તે પ્રદેશ અને છૂટો પડ્યા પછી તે પરમાણુ કહેવાય છે. શબ્દ, અંધકાર, પ્રભા ( ઠંડો પ્રકાશ ), છાયા ( પ્રતિબિંબ ), આતપ (ઉષ્ણ પ્રકાશ) એ પુદ્ગળના ધર્મો છે; જ્યારે વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ એ પુદ્ગળના ખાસ લક્ષણો છે. કોઇપણ પુદ્ગળ દ્રવ્યમાં ઓછામાં ઓછા બે સ્પર્શ, એક વર્ણ, એક ગંધ અને એક રસ તો અવશ્ય હોય છે જ.

અહીં ષટ્ દ્રવ્યનુ સ્વરૂપ ટૂંકમાં વિચારવું ઠીક છે. અજીવના પાંચ દ્રવ્ય સાથે જીવ દ્રવ્યને મેળવતાં છ દ્રવ્ય ગણાય છે. એ છ દ્રવ્યનું સામ્ય વૈસમ્ય હવે પછી. ( ચાલુ )

**મોહનલાલ દીપચંદ ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મકાન અને વધારે લાભ લેવા બીજી આર્થિક સહાયની જરૂર છે. અમદાવાદ જેવા પ્રગતિમાન અને ધનાઢ્ય જૈન સમાજ તેની પહેલી તકે જરૂરીઆત પૂરી પાડે તેમ ઇચ્છીએ છીએ. હિસાબ વગેરે યોગ્ય છે.

**૩. શ્રી મહાવીર જૈન વિદ્યાલય બાવીસમો રિપોર્ટ**–આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભ સૂરીશ્વરજીના ઉપદેશથી અને જુદા જુદા શહેરના શ્રીમંત જૈન બંધુઓની ઉદાર સહાયથી જૈન વિદ્યાર્થીઓને ઊંચી કેળવણી લેવાનું હિંદમાં મુખ્ય અને પ્રથમ સ્થાન આ છે. તે પ્રમાણે જ્ઞાનદાન અપાય છે. હજી તેની જરૂરીયાતો પૂરી થઇ નથી. જૈન બંધુઓ વગર વિલંબે તેને પોતાના પગે ઊભી રહેવા વહેલાસર સહાય આપે તેમ ઇચ્છીયે. દર વર્ષે વિસ્તારપૂર્વક બધી હકીકતોથી રિપોર્ટ પ્રગટ થાય છે. હિસાબ આવક જાવક બરોબર છે કમીટીની ખંત અને ઉત્સાહ પ્રશંસનીય છે. ઓ. સેક્રેટરીઓ શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડિયા અને શ્રીયુત ચંદુલાલ સારાભાઇ મોદીની સેવા અને ખંત પ્રશંસનીય છે. ભવિષ્યમાં તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

**૪. શારદા પૂજનવિધિ—શ્રી જૈન** પ્રચારમાળા કાર્યાલય–અજમેર. દીવાળીના દિવસે સર્વ મનુષ્યો વહીપૂજન કરે છે તેને માટે આ બુકમાં વિધિ, મંત્ર, સ્તુતિ, સ્તોત્ર, આરતિ વગેરે આપવામાં આવેલ છે. શ્રી મહાવીર પ્રભુ, ગૌતમસ્વામી અને સરસ્વતી દેવીની છબીઓ આપી આ લઘુ ગ્રંથને સમયોચિત ઉપયોગી બનાવ્યો છે. જૈન વ્યાપારી જગતમાં આ જૈન વિધિ પ્રમાણે શારદાપૂજન સર્વત્ર થવું જોઇએ એમ અમો સૂચવીએ છીએ. કિંમત ચાર આના યોગ્ય છે.

**૫. શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા–સંગ્રાહક પંન્યાસ ધર્મવિજયજી** મહારાજ. શ્રીમન્મુક્તિકમલ જૈન મોહનમાળાનું આ ૪૦ મું પુસ્તક છે. શ્રીમાન વિજયમોહનસૂરિ મહારાજના વિદ્વાન શિષ્યે તેઓશ્રીને પુછવામાં આવેલ પ્રશ્નોના શાસ્ત્રાધાર મુજબ ઉત્તર આપ્યા છે તે મનન કરવા જેવા છે. આજે આગમનું જ્ઞાન નહિં ધરાવનારના પ્રશ્નોત્તરો કરતાં આવા એક વિદ્વાન મુનિશ્રીના શાસ્ત્રાભ્યાસના અભ્યાસવડે વિદ્વત્તાભરેલા પ્રશ્નોત્તરોમાં સત્ય અને જાણવા જેવું ઘણું મળી શકે છે. શ્રીમાન વિજયમોહનસૂરિજીના વિદ્વાન શિષ્ય–પ્રશિષ્યો પ્રકરણો વગેરે ઘણા વિકટ ગ્રંથોના અભ્યાસીઓ માટે ભાષાંતર કરી પ્રકટ કરેલા અનેક ગ્રંથોએ તેના અભ્યાસીઓની અમુક અંશે, ખોટ પૂરી પાડી છે. આ લઘુ ગ્રંથ જિજ્ઞાસુઓ માટે ઉપયોગી છે. પ્રકાશક પુષ્પમાળાના કાર્યાધિકારી લાલચંદ નંદલાલ વકીલ, વડોદરા.

**૬. જૈન પંચાંગ પદ્ધતિ–લેખક મુનિ મહારાજ શ્રી દર્શનવિજયજી મહારાજ**—બે વર્ષ થયાં સંવત્સરી સંબંધી પડેલ મતભેદોથી શ્રી સંઘમાં કેટલેક સ્થળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્લેશના બી પણ રોપાયેલા છે, પરમપવિત્ર **સંવત્સરી** જેવા આત્મકલ્યાણ સાધવાના દિવસે શાંતિ વગેરેને બદલે તે માટે ઉઠેલ પ્રશ્ન ઝગડારૂપ થઇ પડયો છે, તેવા સંયોગમાં જરૂરીયાત વખતે જૈન જ્યોતિષના નિષ્ણાત અને અભ્યાસી વિદ્વાન મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજે **જૈન** અને અન્ય જ્યોતિષ ગ્રંથો, આગમો, વગેરે અનેક મહાન આચાર્યોની પરંપરા અને ગ્રંથોના આધાર આપી સંવત્સરી નિર્ણય માટે (તિથિ વધઘટના સત્ય નિર્ણય માટે) અથાગ પરિશ્રમ સેવી, આ ગ્રંથ લખી **જૈન** સમાજ ઉપર અપરિમિત ઉપકાર કર્યો છે. મનનપૂર્વક આ ગ્રંથનું અવલોકન કરવાથી તેમાં આપેલ પ્રમાણો યોગ્ય, સત્ય, સચોટ અને પ્રમાણિક રીતે ચર્ચ્યાં છે. પ્રશ્નોત્તરના સ્વરૂપમાં લખાયેલ આ ગ્રંથ આજ તો ખરો, પરંતુ પછી પણ તીથી વધઘટ માટે સંવત્સરી નિર્ણય માટે એક આધાર પ્રમાણભૂત અને પ્રમાણિક મનાશે. જ્યાંસુધી આ ગ્રંથના સત્યપણા ને શાસ્ત્રાધારે પ્રમાણિકપણે સાધનપૂર્વક અસત્ય ન ઠરાવે ત્યાં સુધી **જૈન** સમાજને સંવત્સરી અને તિથિ નિર્ણય માટે સચોટ અને પ્રમાણિક આ ગ્રંથ **જૈન** સમાજે માનવો જ જોઇએ. અમો મહારાજશ્રીના આ પ્રશંસનીય પ્રયત્ન માટે આભાર માનીએ છીયે.

---

**૭. વીર પ્રવચન–લેખક મોહનલાલ દીપચંદ ચોકસી.**–પ્રેમદીપક પુષ્પમાળા પુષ્પ બીજું. જુદા જુદા ૩૧ વિષયો ઉપર નિબંધરૂપે, પોતાના અભ્યાસના અનુભવ રૂપે અને સરલ અને સાદી ભાષામાં બાળજીવો પણ **જૈન** ધર્મનું સ્વરૂપ સામાન્યરૂપે સમજી શકે તેવી રીતે ભાઇ મોહનલાલે આ બુક લખી છે.શ્રી મોહનલાલભાઇ એક સારા, જમાનાને અનુસરી, સચોટ અને મર્યાદિત રીતે જુદા જુદા પેપરો માસિકોમાં લેખો આપે છે. અને હાલમાં આપણી કૉન્ફરન્સ મુખ્ય વાજીંત્રના તંત્રીપદેથી આવતાં તેમના યોગ્ય લેખોથી **જૈન** સમાજ સુપરિચિત છે. દેવ ગુરુ ધર્મ પર શ્રદ્ધાવાળા હોવાથી તેઓના લેખો પણ તે જ રીતે જોવામાં આવે છે. ચર્ચાત્મક લખાણનો જવાબ પણ સત્યતાપૂર્વક, નિડર થઇ, મર્યાદામાં રહી ઘણી વખત આપતા જોવામાં આવે છે. તે શૈલીયા આ વીર પ્રવચન ગ્રંથ તેઓએ લખેલ છે ને તેને મનનપૂર્વક અમો વાંચવા ભલામણ કરીએ છીએ. આવો લઘુ ગ્રંથ પ્રકટ કરી પોતાના **જૈન** ધર્મ પરના અભ્યાસ અને અનુભવ જેમ આ ગ્રંથમાં બતાવી આપ્યો છે તેમ તેઓશ્રીના સ્વર્ગવાસી વડીલ બંધુએ કરેલ વીલના ઉદ્દેશ પ્રમાણે તેઓની મનોકામના પ્રમાણે તેમના સ્મરણાર્થે, આ ગ્રંથ પ્રકટ કરી ભ્રાતૃસેવા પણ કરી સદ્દગતના આત્માને સંતોષ પ્રાપ્ત કરાવવા શુભ પ્રયત્ન કરેલો છે, જે લેખક બંધુની અન્ય કૃતિઓ પણ આ ગ્રંથની જેમ ઉપયોગી હશે તેમ માનીએ છીયે. આ પ્રકારનું પ્રકાશન બંધુસેવા નિમિત્તે શ્રીયુત મોહનલાલભાઇ શરૂ રાખશે એમ ઇચ્છીએ છીએ. કિંમત આઠ આના–પ્રકાશકને ત્યાંથી મુંબઇ, તાંબા કાંટા, વોરાનો જૂનો માળો ત્રીજે દાદરે લખવાથી મળી શકશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

શ્રીયુત જીવરાજભાઈ ઓધવજી જો. સર ન્યા. સા. હાલમાં ભાવનગર રાજ્યની હાઇકોર્ટના સર ન્યાયાધીશ પદવીએ આવ્યા છે એ જૈન સમાજ માટે ખુશી થવા જેવું છે.

## શ્રીયુત નાનચંદ ઓધવજીનો સ્વર્ગવાસ.

શુમારે પચાસ વર્ષની ઉમરે **પોંડીચેરી**માં શ્રી અરવિંદના યોગાશ્રમમાં થોડા વખતની બિમારી ભોગવી આ યોગી પંચત્વ પામ્યા છે. અમુક વર્ષો સુધી ધંધો કરી પૂર્વના સંસ્કારયોગે યોગ સાધવા ઇચ્છા થઇ અને દક્ષિણમાં મુસાફરી કરતાં, પેપરો વાંચતાં ઉપરોક્ત ગામે યોગાશ્રમ જોવા ઇચ્છા થતાં ત્યાં ગયા. ત્યાંની યોગ સાધના માટે અનેક મનુષ્યો તેની ઉમેદવારી કરતાં, યોગી ઘોષ સાહેબને જોતાં તેમના પૂર્વના સંસ્કારબળે ધંધો છોડી ત્યાં રહેવા, યોગ્ય સાધવા પ્રેરણા કરી. ત્યાં પણ અમુક વર્ષ અનુભવ કરી જીવન પર્યંત ત્યાં રહી યોગ સાધવા પ્રબળ ઇચ્છા થતાં કુટુંબનો ભરણપોષણનો બંદોબસ્ત કરી છેવટ સુધી ત્યાં રહ્યા. દરમ્યાન અત્રે અમુક વખત આવતાં. આ સભાના તેઓ ઘણા વર્ષથી સભ્ય હોવાથી અમોને મળતા. સંસાર પરની ઉદાસીનતા નિર્મળ હૃદય અને યોગ સાધવાની પ્રબળ ઇચ્છા, ત્યાંના અનુભવો અને આત્માનંદ પ્રકાશમાં તેઓએ આપેલા લેખોથી અમોને પણ ઉચ્ચ ભાવના તેઓ પ્રત્યે પ્રગટી. કેટલાક વર્ષોથી તો લેખો, પત્રવ્યવહાર પણ બંધ થયો અને તેઓની ઉચ્ચ વૃત્તિ માટે વિશેષ માન ઉત્પન્ન થયું. એવા એક ઉત્તમ ચારિત્રપાત્ર સભ્ય કાયમ માટે ત્યાં રહ્યા તે માટે સ્નેહી તરીકે ખેદ પણ થતાં છતાં માન પણ ઉત્પન્ન થતું. તેઓ તો મનુષ્ય જીવનનું અમુક હદે સાર્થક કરી ગયા છે, તેઓના સ્વર્ગવાસથી આ સભાને સંપૂર્ણ ખેદ થયો છે. તેઓની પાછળ પોતાની સુસાધ્વી સ્ત્રી અને પુત્ર પુત્રીઓને દિલાસો દેવા સાથે તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**કાળધર્મ પામ્યા:**—આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય મુનિ શ્રી વિચક્ષણવિજય મહારાજ ધુલીયામાં તા. ૯-૧૨-૩૭ ના એકાએક હાર્ટ-ફેઇલ થવાથી કાળધર્મ પામ્યાના દુઃખદ સમાચાર અમોને પ્રાપ્ત થયા છે.

સદ્દગતની સ્મશાનયાત્રા ધામધુમપૂર્વક કાઢવામાં આવી હતી અને સદ્દગતના માનમાં મુખ્ય મુખ્ય બજારો બંધ રાખવામાં આવ્યાં હતાં.

જ્યોતિષ શાસ્ત્ર અને પ્રાચીન સાહિત્યના સંશોધનમાં સદ્દગત પ્રેમ ધરાવતા હતા, અને એક શાન્ત સાધુ તરીકે તેઓશ્રીએ પોતાનું જીવન યશસ્વી બનાવ્યું હતું. અમો સદ્દગતના આત્માની શાન્તિ ઈચ્છીએ છીએ.

## છેલ્લા પ્રકાશનો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી વસુદેવહિંડિ. પ્રથમ ભાગ. | ૩-૮-૦ | ૬ શ્રી જૈન મેઘદૂત | ૨-૦-૦ |
| ૨ શ્રી વસુદેવ હિંડિ ,, દ્વિતીય અંશ | ૩-૮-૦ | ૭ શ્રી ગુરૂતત્ત્વ વિનિશ્ચય | ૨-૦-૦ |
| ૩ શ્રી બૃહત્ કલ્પસૂત્ર (છેદસૂત્ર) ૧ ભાગ | ૪-૦-૦ | ૮ ઐન્દ્રસ્તુતિ ચતુર્વિંશતિકા | ૦-૪-૦ |
| ૪ શ્રી બૃહત્ કલ્પસૂત્ર(છેદસૂત્ર) ૨ ભાગ | ૬-૦-૦ | ૯ યોગદર્શન તથા યોગવિંશિકા હિંદી ભાષાંતર સાથે | ૧-૮-૦ |
| ૫ ચાર કર્મગ્રંથ (શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા) | ૨-૦-૦ | ૧૦ ચેઇવંદણ મહાભાસં | ૧-૧૨-૦ |

## છપાતાં ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) २ श्री मलयगिरि व्याकरण.

३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ श्री गुणचंद्रसूरिकृत श्री महावीर चरित्र भाषांतर

५ पांचमो छट्ठो कर्मग्रन्थ. ६ श्री बृहत्कल्प भाग ३-४

## શ્રીસ્તોત્રસંદોહ.

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવસ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, મળી કુલ ૧૯ સ્તોત્રો, તથા રત્નાકર પચ્ચીશી, અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાએલ, સુશોભિત બાઇંડીંગ અને શ્રી મહાવીર-સ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુમહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિનિમિત્તે સાથે આપવામાં આવેલ છે, આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, અને આટલી છબીઓ અને સુંદરતા છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦-૪-૦ ચાર આના. ( પોસ્ટેજ જુદું ) રાખેલ છે. પર્યુષણાપર્વ નજીક આવતા હોવાથી પ્રભાવના કરવા લાયક છે, નિત્ય સ્મરણ કરવા લાયક હોવાથી લાભ લેવા જેવું છે.

લખો:—**શ્રી. જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

બન્ને ભાગોની થોડી નકલો સીલીકે છે—

# શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત. )

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યો મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણો જ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર બ્લુ ઉંચા ટકાઉ કાગળ ઉપર, સુંદર શાસ્ત્રી અક્ષરોમાં, શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે. સુશોભિત મજબુત કપડાનું બાઇંડીંગ કરાવ્યું છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. કિંમત રૂા. ૬-૦-૦ લેવામાં આવશે. ( પોસ્ટેજ જુદું )

---

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

## ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત. )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બન્ધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે, તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

---

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only